# ‘સત્સંગ’ શબ્દ નાનો, મહિમા મોટો

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

ગત સપ્તાહે પ્રતિષ્ઠિત દૈનિક ‘ગુજરાતમિત્ર’ની ધાર્મિક ‘સત્સંગ’ પૂર્તિનો 25 મા વર્ષમાં મંગલ પ્રવેશ થયો તે પ્રસંગે ‘સત્સંગ’ વિશે થોડું ચિંતન, મનન.

સાદા શબ્દોમાં સત્સંગ એટલે સચ્ચાઈનો, સાધુ-સંતોનો સંગ જેના થકી ઉમદા આચરણ, પ્રેરક બોધ, જ્ઞાન મળે. વિશાળ સંદર્ભમાં જોઈએ તો સારું વાંચન, શ્રવણ પણ સત્સંગનો જ ભાગ ગણાય છે. સત્સંગ- સંતોની કે સારા લોકોની સંગતિનું મહત્ત્વ દર્શાવતાં અનેક શ્લોક, પદ, ચોપાઈઓ આપણા ધર્મગ્રંથોથી માંડીને કબીર સાહેબની ચોપાઈઓ અને શ્રી રામચરિત માનસમાં છે.




સત્સંગ મનુષ્યનું અજ્ઞાન દૂર કરી જીવનને સુખદ બનાવવાનો માર્ગ બતાવે છે. વિદ્વાનોના મતે જ્યાં પણ સત્સંગ થતો હોય એ મોટું ‘તીર્થ’ છે. સારા અને સજ્જનોનો સાથ સત્સંગ મનાય છે અને તેનો મહિમા તથા પ્રભાવની અનેક કથાઓ પુરાણોમાં છે. કથાકારો શ્રી રામચરિત માનસ, શિવ મહાપુરાણ, શ્રીમદ ભાગવત કે દેવી ભાગવતની કથા દરમિયાન સત્સંગનો મહિમા સમજાવતી બોધકથાઓ શ્રોતા, ભક્તોને કહેતા હોય છે.

પ્રતિષ્ઠિત ગુજરાતી શબ્દકોશ ભગવદ્ગોમંડળ મુજબસત્સંગ એટલે સત્ય વસ્તુ જેવી કે બ્રહ્મ, પરબ્રહ્મ કે સદગુણોની ચર્ચા, સંતોના સાથ અથવા સારી સોબત. સત્સંગના મુખ્ય અર્થ અને વિગતો- સત્+સંગ સત્ એટલે સત્ય, ઈશ્વર, બ્રહ્મ કે સજ્જન અને સંગ એટલે સાથ કે મેળાવડો, સાચી સોબત, સંત મહાત્માઓ કે જ્ઞાની પુરુષોનો સાથ મેળવવો અને તેમની સાથે બેસવું. ધાર્મિક ચર્ચા, ઈશ્વર, ભક્તિ, આધ્યાત્મિક વાતો, ધર્મ અને સત્યની ચર્ચા કે શ્રવણ કરવું, હિતકારી સંગ કે સાથ કે મેળાવડો જે મનને શુદ્ધ કરે અને મુક્તિના માર્ગે લઈ જાય તે સત્સંગ. સત્સંગ વ્યક્તિને તેનામાં રહેલા દોષોને પારખવાનું અને સદ આચરણ માટે દિશાસૂચન કરી ચારિત્ર નિર્માણનું ઉપયોગી અંગ છે. સત્સંગથી સારા વિચાર, આચારનું ભાન થતાં પાપ કરવાની વૃત્તિ દૂર થાય છે. મનના વિકારો દૂર થાય છે. જીવન જીવવાની સાચી દિશા પ્રાપ્ત થાય છે.

સત્સંગનો મહિમા ટૂંકમાં છતાં અસરકારક રીતે શ્રી કબીર સાહેબ અને ગોસ્વામી તુલસીદાસજીએ ખૂબ સરસ સમજાવ્યો છે. કબીર સાહેબ કહે છે કે ‘સત્સંગ કી આધી ઘડી, તપકે વર્ષ હજાર તો ભી બરાબર હે નહીં કહે કબીર વિચાર’ સાચા સંતોનો સાથ, થોડા સમયનો સત્સંગ- સંગતિ હજારો વર્ષના આકરા તપ અને સાધનાથી પણ મૂલ્યવાન હોય છે. સત્સંગનો પ્રભાવ દર્શાવતી એક ખૂબ જાણીતી પૌરાણિક કથા છે. જે કથાકારો કહેતા હોય છે. એક વાર મહર્ષિ વશિષ્ઠ અને વિશ્વામિત્ર ઋષિ વચ્ચે વિવાદ ઊભો થયો. મહાન (મોટું) કોણ? હજારો વર્ષની તપસ્યા કરનાર કે સત્સંગ કરનાર? વિશ્વામિત્રજીએ કહ્યું, તેમણે હજારો વર્ષ સુધી આકરું તપ કર્યું છે એટલા માટે તેનું તપ મહાન છે. વશિષ્ઠજી બોલ્યા, એક પળનો સાચો સત્સંગ તપથી પણ ચડિયાતો છે. વિવાદના નિરાકરણ માટે બંને પોતાનો આ સવાલ લઈને બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ કહ્યું,- ‘‘આ પૃથ્વીને પોતાના મસ્તક પર ધારણ કરનાર શેષનાગ સાચો જવાબ આપી શકે’’ અને ઋષિઓ શેષનાગ પાસે પહોંચ્યા. શેષનાગે કહ્યું, ‘‘હું પૃથ્વીનો ભાર સંભાળીને થાકી ગયો છું. પહેલા આપમાંથી કોઈ એક આ પૃથ્વીને થોડી વાર માટે પોતાના માથા પર સંભાળે ત્યારે હું ઉત્તર આપીશ.’’ વિશ્વામિત્રજીએ પોતાના હજારો વર્ષની તપસ્યાના બળે પૃથ્વીને ઉઠાવવા પ્રયત્ન કર્યો પરંતુ તેમણે હાથ લગાવતા જ પૃથ્વી ડગુમગુ થવા લાગી અને વિશ્વામિત્રજી પૃથ્વીનો ભાર સંભાળી શક્યા નહીં ત્યારે મહર્ષિ વશિષ્ઠજીએ પોતાના જીવનના થોડા સમયના સત્સંગનું પુણ્યસ્મરણ કરી પૃથ્વીને સ્પર્શ કર્યો. સત્સંગના પ્રભાવથી પૃથ્વી હલકી થઈ ગઈ અને વશિષ્ઠજીએ પોતાના મસ્તક પર સંભાળી લીધી. શેષનાગે કહ્યું, ‘‘તપસ્યામાં ખૂબ શક્તિ છે પરંતુ તેને સાચી દિશા અને સ્થિરતા માત્ર સત્સંગથી જ મળે છે.’’

સત્સંગની એક પળ પણ મહાન હોય છે. ગોસ્વામી તુલસીદાસજીએ પણ કહ્યું છે કે ‘એક ઘડી, આધી ઘડી, આધી મે પુનિ આધ, તુલસી સંગત સાધુ કી કટે કોટી અપરાધ.’ સત્સંગનો થોડો સમય પણ મળે તો તે ગુમાવવો નહીં કેમ કે સારા લોકોની સંગતથી, સત્સંગથી મનની શુદ્ધિ થાય છે અને પાપ દૂર થાય છે. વ્યક્તિની બૂરાઈ કરવાની ઈચ્છા નાશ પામે છે. સત્સંગથી જ વ્યક્તિ પોતાના જીવનની દિશા બદલી આત્મકલ્યાણ સાધી શકે છે. તુલસીદાસજીએ

> **સત્સંગનો થોડો સમય પણ મળે તો તે ગુમાવવો નહીં કેમ કે સારા લોકોની સંગતથી, સત્સંગથી મનની શુદ્ધિ થાય છે અને પાપ દૂર થાય છે**

રામચરિતમાનસમાં કહ્યું છે કે,’બિનુ સત્સંગ વિવેક ન હોઇ રામ કૃપા બિનુ સુલભ ન સોઈ.’ સત્સંગ વગર જ્ઞાન અને સારાનરસાને પારખવાની વિવેકબુદ્ધિ નથી મળતી. ભગવાન રામની કૃપા વગર સત્સંગ આસાનીથી મળતો નથી. બીજી એક ચોપાઈનો ભાવાર્થ એ છે કે,-’ખરાબ આદતવાળા લોકો પણ સત્સંગ થકી સુધરી જાય છે, જે રીતે પારસના સ્પર્શથી ધાતુ પણ સોનુ બની જાય છે’.

‘ઈદં ન મમ’.

# પોકાર અને પ્રતીક્ષા

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

મહાભારતમાં ચીરહરણ પ્રસંગે દ્રૌપદીએ તો સૌ પ્રથમ ભરી સભામાં ભીષ્મ, દ્રોણ, પાંડવોને પોતાને બચાવવા પોકાર કર્યો પણ સૌ નીચું જોઈ ગયા! કોઈ તેની મદદે ન આવ્યું! તેણે છેવટે સાડીનો છેડો દાંત વચ્ચે દબાવી રાખીને કૃષ્ણને પોકાર કર્યો. કૃષ્ણને પોકાર કરતાં જ કૃષ્ણે અંતરિક્ષથી સહાય કરી. કોઈ જળપ્રવાહની જેમ સાડી તેના દેહને વીંટળાતી જ ગઈ. દુઃશાસને ખેંચેલી સાડીનો મોટો ઢગલો થઈ ગયો. દુઃશાસન સાડી ખેંચતાં ખેંચતાં થાકી ગયો, હાંફી ગયો અને દ્રૌપદીની લાજ બચી ગઈ.

આ પ્રસંગમાં મૂળમાં તો દ્રૌપદીનું વચન જ કારણભૂત હતું. એણે કહ્યું હતુંઃ ‘‘આંધળાના આંધળા!’’ અહમથી ઘવાયેલા દુર્યોધનના દિલમાં અપમાનની આગ ભભૂકી ઊઠી હતી. જેણે રણમેદાનનું સર્જન કર્યું. એટલું જ નહીં વિનાશ વેર્યો. આ હકીકત અધ્યાત્મજગતનાં પિપાસુઓ માટે, ઉપાસકો - સાધકો - મુમુક્ષુઓ માટે માર્ગદર્શન તો આપે જ છે, સાથે ચેતવણી પણ આપે છે.

એક વાત. દ્રૌપદીએ જેવા કૃષ્ણને યાદ કર્યા કે તરત સહાયનો ધોધ શરૂ થઈ ગયો. આ વાત પરથી મને એમ સમજાય છે કે, માણસે વિપત્તિની પળોમાં અકળાયા વિના, જ્યોતિષ - તાંત્રિકના ચક્કરમાં પડયા વિના, કેવળ ને કેવળ પરમાત્માનું જ સ્મરણ કરવું જોઈએ.

કૃષ્ણને ખબર જ હતી છતાં તેમને બોલાવ્યા વિના તેઓ ન તો દ્યુતસભામાં ગયા કે ન તો દ્રૌપદીને સહાય કરી. સામાન્ય માણસે આ વાત સમજવા જેવી છે કે પરમાત્મા બોલાવ્યા વિના આવતા નથી. સર્વવ્યાપી, સર્વશક્તિમાન, સર્વાનતર્યામિન્ માણસની મુશ્કેલીઓથી બેખબર હોય તે શકય જ નથી. તે તો કેવળ ભક્તના - શરણાગતના પોકારની જ રાહ જુએ છે.

એક પ્રસંગ બહુ જાણીતો છે. એક વાર એક ભકત પર કેટલાક લોકો પથ્થરમારો કરી રહ્યાં હતાં. કૃષ્ણ જમવા બેઠા એટલામાં જ આ ભક્તનો પોકાર સંભળાયો અને ભાણા પરથી ઊઠીને દોડ્યા. આ બાજુ ભક્તને થયું કે હું આટલો પોકાર કરું છું છતાં ભગવાન આવતા નથી. હવે તો મારે જ મારો બચાવ કરવો પડશે અને તેણે એક પથ્થર હાથમાં લીધો. આ ક્ષણો દરમિયાન કૃષ્ણ તો પહોંચી ગયા પણ તેમણે જોયું કે ભકતે મારી પ્રતીક્ષા કર્યા વિના જાતે જ સ્વબચાવમાં પથ્થર ઉપાડી લીધો એટલે હવે એને મારી જરૂર નથી. કૃષ્ણ પાછા ફર્યા. જમવા બેઠા. રૂક્ષ્મણીએ પૂછ્યુંઃ ‘‘પ્રભુ, આપ અચાનક કેમ દોડી ગયા અને સહેજવારમાં જ પાછા આવી ગયા?’’ કૃષ્ણે કહ્યુંઃ ‘‘દેવી, મારા ભકત પર લોકો પથ્થરમારો કરી રહ્યા હતા. તેણે પોકાર તો કર્યો પણ હું જાઉં તે પહેલાં જ તેણે સ્વબચાવમાં પથ્થર ઉપાડી લીધો એટલે હું પાછો આવી ગયો.’’

આમ પ્રભુની સહાયની યાચના માટે પોકારોની સાથે પ્રતીક્ષાની



અનિવાર્ય આવશ્યકતા છે. પ્રતીક્ષાની ક્ષણ દરમિયાન ઈશ્વર શરણાગતની થોડી પરીક્ષા લે છે. એના ભાવને પ્રબળ અને પ્રખર બનાવવાની તક આપે છે. એનામાં દ્રઢ મનોબળનું સિંચન કરે છે અને પછી પ્રગટ થાય છે. એ પ્રગટ થાય છે ત્યારે વિપત્તિમાં વળાંક આવે છે ને તે શાંતિનું, આનંદનું, સુખનું, સંપત્તિનું પ્રખર મોજું લઈને આવે છે કારણ કે ઈશ્વરની શક્તિ અસીમ છે. તે સર્વસમર્થ છે. આથી જીવનનૈયા જેવી વમળમાં ફસાય કે તરત જ પ્રભુને પોકાર કરીએ, પ્રતીક્ષા કરીએ. પ્રભુ નાવ ડૂબવા નહીં દેશે. તે પાર કરી કિનારે પહોંચાડશે જ પણ શ્રદ્ધા જોઈએ. અનન્ય શ્રદ્ધા. શ્રદ્ધા જ પ્રતીક્ષા કરાવે છે. મને લાગે છે કે કદાચ શ્રદ્ધા અને પ્રતીક્ષા એકમેકનાં પૂરક છે. શ્રદ્ધા છે તો પ્રતીક્ષા છે. પ્રતીક્ષા છે તો શ્રદ્ધા છે. આથી જ શ્રીમદ્ ભગવદગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છેઃ ‘અનન્યાશ્ચિનતયો મામ્ મે જનાઃ પર્યુપાસતો’ શ્રદ્ધાની, ઉપાસનાની, સ્મરણની, પ્રતીક્ષાની અનન્યતા જ ઈશ્વરને પ્રગટ થવા ફરજ પાડે છે. આ અનન્યતા મનની નિર્મળતા, પ્રામાણિકતાના પ્રતાપે અને પ્રભાવે જ નિષ્પન્ન થાય છે. અનત્મ ચિંતન- સ્મરણ કૃષ્ણનો આદેશ છે. સરળતા સફળતાની ગુરુચાવી છે પણ એ માટે પુરુષાર્થ પણ એટલો જ આવશ્યક અને અનિવાર્ય છે. ‘પર્યુપાસતે’ શબ્દમાં કદાચ આ પુરુષાર્થનો છૂપો સંકેત રહેલો છે. આ પુરુષાર્થ એટલે ઉપાસના, અનન્ય ચિંતન-સ્મરણ.

ઉપરોક્ત બંને દાખલામાં અનન્યતાની અનિવાર્યતા જ પ્રસ્થાપિત થાય છે. કૃષ્ણે અનન્યતાને જ આવકારી છે. જગતના - સંસારના કોઈ પણ સંબંધમાં વિશ્વાસ મૂક્યા વિના સર્વશક્તિમાન, સર્વાનતર્યામિન્ પરમાત્માને જ યાદ કર્યે રાખવો ઉચિત જણાય છે.

> **માણસે વિપત્તિની પળોમાં અકળાયા વિના, જ્યોતિષ - તાંત્રિકના ચક્કરમાં પડયા વિના, કેવળ ને કેવળ પરમાત્માનું જ સ્મરણ કરવું જોઈએ. કૃષ્ણને ખબર જ હતી છતાં તેમને બોલાવ્યા વિના તેઓ ન તો દ્યુતસભામાં ગયા કે ન તો દ્રૌપદીને સહાય કરી**

‘આંધળાના આંધળા’ વચનમાંથી સમજાય છે કે આપણા સંપર્કમાં આવતાં-રહેતાં તમામ માણસોને કોઈ પણ સંજોગોમાં કટુ વચન કહી ઉતારી પાડવા યોગ્ય નથી. એ માનવતા નથી.

આજે સમાજમાં સંપન્ન માણસો ઘણાને ઉતારી પાડે છે અપમાન કરે છે. અનેક ક્ષેત્રની અનેક સંસ્થાઓમાં વરિષ્ઠ કર્મચારીઓ નવા આવેલાને થોડું શીખવીને પછી તરત જ તેના કાર્યને વખોડી નાખે છે. તેની ઉપેક્ષા કરી અપમાનિત કરે છે. આમ કરવાથી નવો આવેલો માણસ નિરાશ થઈ જાય છે. તેની કારકિર્દીમાં અવરોધ સર્જાય છે. આથી સૌને પ્રેમથી, સહૃદયતાથી, સંવેદનશીલતાથી આવકારીએ. કારકિર્દીના પ્રથમ પગથિયે તેને મદદરૂપ થવું એ જ માનવતા છે. એટલું જ નહીં આપણી આત્મશાંતિમાં, ઘર-કુટુંબની શાંતિમાં, અરે વિશ્વશાંતિમાં પણ આપણું યત્કિંચિત યોગદાન લેવાશે. બસ, અનન્ય ચિંતનથી પોકાર-પ્રતીક્ષા કરીએ. માધવ મલ્હાર બની અવશ્ય આવશે જ.